# ડીસા તાલુકા પોલીસે શંકાસ્પદ ઘીના ૧૦૦ ડબ્બા ઝડપ્યા

## અમુલ અને મધુર બ્રાન્ડેડ નેમનું ઘી હોઈ તપાસમાં ડેરી અધિકારીઓ પણ જોડાયા

ડીસા, તા. ૧૪

બનાસકાંઠા નું મુખ્ય વહેપારી મથક ડીસા હવે 'ડુપ્લીકેટ ઉત્પાદન'નું કેન્દ્ર બનતું જાય છે.કેમકે થોડા સમય અગાઉ ડીસા દક્ષિણ પોલીસે શહેર નાં લાટી બજાર વિસ્તરામાં થી અસલ જેવીજ દેખાતા બ્રાન્ડેડ અમુલ અને સાગર ઘી નકલી ઉત્પાદન કરતી મીની ફેક્ટરી ઝડપી હતી,ત્યારે વધુ કેશમાં આજે ડીસા તાલુકા પોલીસે ૧૩ લાખના શંકાસ્પદ ઘી ના જથ્થા અને મુદ્દામાલ સાથે એક જીપડાલું ઝડપી પાડી તપાસ હાથ ધરતા ભેળસેળીયા વહેપારીઓમાં ભગદડ મચી જવા પામી છે.

આ ઘટના ની ડીસા તાલુકા પોલીસે આપેલ નહીતી જોઈએ તો ડીસા તાલુકા પોલીસે ગત મોડીરાત્રે બાતમી આધારે પેટ્રોલિંગ હતા, જે દરમ્યાન આ શંકાસ્પદ ઘી નો જથ્થો ભરેલું જીપદાલું સામેથી આવતા પોલીસે તેને રોકાવ્યું હતું, જેમાં જીપચાલક નેતારામ અજાજી માળી રહે અજાપુર વાળાએ આ ઘી જથ્થો તેમના શેઠ દ્વારા અન્યોને ડીલેવરી કરવા અપાયો હોવાનું જણાવ્યું હતું ,અને આ ઘી જથ્થો અમદાવાદ થી તેમના શેઠ ભરતભાઈ શંકરભાઈ મોદી રહે -ડીસા વાળાઓ નો હોવાનું જણાવ્યું હતું ,જોકે આ જથ્થો શંકાસ્પદ જનતા ડીસા




તાલુકા પોલીસે ડીસા નાં અજાપુરા ગામે થી ઝડપી પાડ્યો છે, જેમાં ૧૫ કિલો ટીન ના અમુલ શુદ્ધ ઘી લખેલ માર્કા ધરાવતા ૮૦ ડબ્બા જયારે મધુર શુદ્ધ ઘી લખેલ માર્કા ધરાવતા ૨૦ ડબ્બા પોલીસે શંકા આધારે કબજે કાર્ય છે.અને રૂ, ૧૩,૮૮૦૦૦ નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે પોલીસ ઈન્સ્પેકટર ડી ડી ગોહિલ અને ટીમે આ શંકાસ્પદ ઘી જથ્થો ઝડપી પાડ્યો છે.અને મહેસાણા દૂધ ઉત્પાદક ફેડરેશન ને જાણ કરતા ત્યાંથી પોતાની બ્રાન્ડેડ અમુલ ઘી ની બનાવટ તો નથી કરાતી તેની ત્યાં થી આવેલ ટીમે ધનિષ્ઠ તપાસ હાથ ધરી છે.

અહી માનવામાં આવી રહ્યું છે કે ,આ ભેળસેળીયા વહેપારી મોટી વગ ધરાવતા લોકો આ કારોબાર કરી રહ્યા છે,પહેલા પૂજન ના બહાને અને હવે બ્રાન્ડેડ કંપનીઓનાં નામે અનેકો બનાસકાંઠા માં આવો કાળો કારોબાર ચલાવી લાખોની કમાણી કરી જન આરોગ્ય જોખમમાં મૂકી રહ્યા છે ,અહી ફુડ એન્ડ ડ્રગ્સ ની મિલીભગત અને આંખ આડા કાનથી જ્યારે દરોડો પડાય ત્યારે સેમ્પલો પણ બદલાયા હોવાના ચોકાવનારા ખુલાસા સુત્રો એ કાર્ય છે ,ત્યારે આ અશુદ્ધ ઘી પ્રકરણમાં હજુ સુધી ફુડ વિભાગ તપાસ અગત્યની બની છે.

તો વળી, ઝડપાયેલ ઘી નાં તમામ ડબ્બા અસલ હોય અને કીમિયાગીરી એ તંત્ર અને ફુડ એન્ડ ડ્રગ્સ તેમજ સબંધિત ડેરી વિભાગના અધિકારીઓ ની આંખમાં ધૂળ નાખવા ડબ્બા અસલ અને અદર નો માલ નકલી હોવાની પણ પોલીસ શક્યતાઓ જોઈ રહી હોઈ આ સમગ્ર મામલાની પોલીસે સેમ્પલ મેળવી ,ફુડ વિભાગની મદદ થી ધોરણસર તપાસ હાથ ધરી છે.

જોકે પાલનપુર થી આવેલા ફુડ વિભાગ નાં અધિકારી કે.આર. પટેલે આ જથ્થાના સેમ્પલ લઈ તેને લેબોરેટરી અર્થે મોકલવાની તજવીજ હાથ ધરી છે.



મેઘરજ તાલુકાના બી.ટી. છાપરાના ઢુંઢેરા તળાવ પાસેથી સાત ફૂટ લાબો મગર પકડાયો

મેઘરજ તાલુકામાં છેલ્લા ૧૨ દિવસથી લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું કે રોલા વાત્રક નદી કિનારે મગર જોવા મળ્યો હતો. ત્યારબાદ પંચાલ તળાવ પાસે જોવા મળ્યો હતો. ત્યારબાદ ડેરીયા વાઘામાં જોવા મળ્યો હતો. પરંતુ ગુરૂવારે રાત્રે ૮ વાગે બી.ટી. છાપરાના ઢુંઢેરા તળાવ પાસે આ મગર જોવા મળતાં ગ્રામજનોએ ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટને જાણ કરતા રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર.ડી. ડામોર સ્ટાફ એસ.કે. પટેલ, ડી.એમ. પ્રજાપતિ, જે.ડી. પ્રજાપતિનો કાફલો સ્થળ ઉપર પહોંચી રાત્રે આઠથી એક વાગ્યા સુધી ભારે જહેમત બાદ આખરે સાત ફૂટનો મગર પાંચ કલાકની મહેનત બાદ ઝડપી પાડી ખાંડીવાવ નવસારીમાં લાવવામાં આવ્યો. જ્યાં સવાર થતાં નજીકના ગામડાઓમાં જાણ થતા મગર જોવા માટે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. જ્યાં મગરની ડૉક્ટર દ્વારા ટ્રીટમેન્ટ કરાવી મગરને ખોરાક પાણી મળી રહે અને જન જાતીનો વસવાટ નજીક ના હોય તેવી જગ્યાએ મગરને બપોરના સમયે પાણીમાં છોડી મુક્યો હતો.

### મોડાસાના સાયરા ગામની સીમમાં

# ટ્રકની જીવલેણ ટક્કરમાં બાઈકચાલક આશાસ્પદ યુવાનનું ઘટનાસ્થળે જ મોત

## એ જ ટ્રકની ટક્કરે એ જ સ્થળે બીજી બાઈકને પણ અડફેટે લેતા ચાલક ગંભીર

અરવલ્લી જિલ્લામાં મોડાસાના સાયરા ગામની સીમમાંથી પસાર થઈ રહેલ ટ્રકના ચાલકે આગળ જતા બાઈકને અડફેટે લેતા રેલ્વાવાડાના ૨૧ વર્ષીય બાઈકચાલક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે આ ટ્રકે બીજી એ જ સ્થળે એક બાઈકને પણ ટક્કર મારતા તેનો ચાલકના શરીરે ગંભીર ઈજાઓ થતાં મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

મોડાસા-શામળાજી બાયપાસ હાઈવે ઉપર સાયરા ગામની સીમમાંથી બાઈક લઈને પસાર થઈ રહેલા મૂળ રેલ્લાવાડાના પણ હાલ મોડાસાની ગજાનંદ સોસાયટીના રહીશ ૨૧ વર્ષીય યુવક પ્રિયંકભાઈ ભીખાભાઈ પંચાલની બાઈકને પાછળથી ટ્રકે અડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં આ બાઈક ચાલકના



શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે આ જ સ્થળે આ ટ્રકે બીજી એક બાઈકને પાછળથી ટક્કર મારતાં મોડાસાની કલ્પતરૂ સોસાયટીમાં રહેતા બાઈકચાલક જયકુમાર અતુલભાઈ ભાવસાર (ઉં.વ. આ. ૨૭)ને હાથે અને પગે ગંભીર ઈજાઓ થઈ હતી.

આમ, સાયરા ગામની સીમમાં અજાણ્યા ટ્રકની અડફેટે સર્જાયેલા અકસ્માતમાં એક યુવકનું મોત અને અન્ય એક યુવાન ગંભીર રીતે ઘવાયો હતો. એક જ સ્થળે એક જ વાહનથી જુદા જુદા બે અકસ્માતો અંગેની ફરિયાદ રેલ્લાવાડા જિગ્નેશકુમાર કાન્તિભાઈ પટેલે મોડાસા રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા અકસ્માત સર્જી નાસી છુટેલ અજાણ્યા ટ્રકના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી પોસઈ આર.ડી. સગરે વધુ તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ દારૂ પીધેલા ઝડપાયા

મોડાસા, તા. ૧૪

મોડાસા નગરમાં શિક્ષકો વચ્ચે સર્જાયેલા હોબાળો મારા મારીમાં પરીણમતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. જયારે પોલીસ સ્ટેશને સમાધાન માટે ગયેલા અરવલ્લી જીલ્લા શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ એસ.પટેલ નશાની હાલતમાં જણાતાં ટાઉન પોલીસે પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો નોંધી અગ્રણીની અટકાયત કરતાં મોડી રાત્રે ટોળા ઉમટયા હતા. મોડાસા ખાતે ચાર રસ્તા નજીક આવેલ પ્રાથમિક શાળા નં.૧ માં બુધવારે સાંજે તાલુકાના પ્રાથમિક શિક્ષકોના ઉચ્ચત્તર પગારની માંગણી અન્વયે ગ્રેડ રીવાઇઝની મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગમાં સંઘના હોદ્દેદારો દ્વારા કેટલીક ફાઈલો બાજુ ઉપર હડસેલી દેવાયાના આરોપ વચ્ચે પત્નિની ફાઈલ અંગે રજુઆત કરવા આવેલા અન્ય શિક્ષકે રજુઆત કરતાં એકાએક મામલો બીચક્યો હતો. ઉચ્ચ ગ્રેડ રીવાઇઝની ફાઈલોમાં પૈસા લઈ વહીવટ કરાતો હોવાનો આક્ષેપ કરાતાં સર્જાયેલી તુ-તુ, મે-મે ભારે હોબાળામાં પરીણમી હતી. આ હોબાળામાં તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખને માર મરાયો હોવાના મુદ્દે ટાઉન પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવવા પહોંચેલા આ હોદ્દેદારને સમજાવવા જીલ્લા શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ એસ.પટેલ પોલીસ સ્ટેશને દોડી પહોંચ્યા હતા. પરંતુ આ અગ્રણી નશાની હાલતમાં હોવાનું પોલીસને જણાઈ આવતાં આ પોલીસે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતાં મોડી રાત્રે આ પ્રકરણ ચર્ચાના ચગડોળે ચડયું હતું. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ગુણવંતસિંહએ નોંધાવેલ ફરીયાદ બાદ પોલીસ ઈન્સ્પેકટર એસ.જે. મોદીએ જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ એસ.પટેલ વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં આવતાં પ્રોહીબશન અંગેનો ગુનો કરવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**શિક્ષકો વચ્ચેની મારામારીમાં ક્રોસ અરજી થઈ : જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દારૂ પીધેલી હાલતમાં આવતાં પ્રોહીબશન અંગેનો ગુનો નોંધાયો**

જીલ્લા શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલે પ્રોહીબીશન ના કેસ અંગે જણાવ્યું હતું કે પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવવા ગયેલા પરેશભાઈ પટેલને સમજાવવા હું પોલીસ સ્ટેશને ગયો હતો. મારો અવાજ ઉંચો હોઇ મેં નશો કર્યો હોવાનું પોલીસને જણાતાં મારા વિરૂદ્ધ ખોટો કેસ કરાયો હતો. મોડાસામાં શિક્ષક સંઘના હોદ્દેદારો અને અન્ય શિક્ષકો વચ્ચેની બોલાચાલી મારામારીમાં પરીણમી હોવાના મુદ્દે કાર્યવાહી હાથ ધરવા જીગ્નેશકુમાર નવનીતલાલ પટેલ રહે. સાયરાનાઓએ ટાઉન પોલીસ સ્ટેશને અરજી આપી હતી. જેમાં તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ પરેશભાઈ પટેલ સહિતનાઓએ તેમના કાકા મનુભાઈ પટેલને માર માર્યો હોવાનું જણાવ્યું હતું. જયારે પરેશભાઈ પટેલેનાઓએ આપેલ અરજીમાં જીગ્નેશભાઈ પટેલ સહિતના અન્યોએ તેમને અને તેમના દિકરાને માર માર્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

## ઊંઝા તાલુકાના વરવાડા ખાતે રવિવારે ચામુંડા માતાજીનો ૩૯મો પાટોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૧૪

ઊંઝા તાલુકાના વરવાડા ગામે ભારદ્વાજ ગૌત્ર પરિવાર શ્રી ચામુંડા કુળદેવી સેવા મંડળ દ્વારા ચામુંડા માતાજીના મંદિર ખાતે ૩૯મો પાટોત્સવ યોજાશે. આ પાટોત્સવ આસો સુદ પૂનમ શરદપૂર્ણિમાના દિવસે તારીખ ૧૬ ઓક્ટોબર ૨૦૧૬ના રવિવારના સવારે ૯-૦૦ કલાકથી બપોરે ૧૪-૩૦ કલાકે યોજાશે. માતાજીના આ પાટોત્સવની ઉજવણીમાં ભારદ્વાજ ગૌત્ર પરિવાર તેમજ ભક્તજનોને પધારવા હાર્દિક નિમંત્રણ ટ્રસ્ટના મંત્રી અરવિંદભાઈ એચ. શુક્લે પાઠવેલ છે.

## ખેડબ્રહ્માના ચાંપલપુરની પ્રાથમિક શાળામાં મોકડ્રીલ

રાષ્ટ્રીય ડિઝાસ્ટર દિવસ નિમિત્તે મામલતદાર કચેરી ખેડબ્રહ્મા દ્વારા ચાંપલપુર પ્રા. શાળામાં આગ લાગ્યા અંગેનું આકસ્મિક ઘટનાનું મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરપાલીકા ફાયર ફાઈડર ચીફ ઓફિસર ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન ખેડબ્રહ્મા ટીપીઓ વગેરે વહીવટી તંત્રને જાણ કરતાં તમામ લાઈન ડીપાર્ટમેન્ટ, વહીવટીતંત્ર પહોચી ગયું હતું.

## મહેસાણા જિલ્લાનો ખેલમહાકુંભ ૨૦૧૬ ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો

મહેસાણા જિલ્લા કક્ષાનો ઉદ્‌ઘાટન સમારોહ રમત ગમત સંકુલ પાંચોટ ખાતે સાંસદ જયશ્રીબહેન પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. ખેલ મહાકુંભના ઉદ્‌ઘાટન સમારોહમાં ઓપન એઈજ કબડ્ડી ભાઈઓ તેમજ બહેનોની સ્પર્ધા યોજાઈ હતી. આ ઉપરાંત રાજ્ય તેમજ જિલ્લાને ગૌરવ અપાવનાર રમતવીરોનું સન્માન કરાયું હતું. જેમાં તસ્મીન મીર બેટમિન્ટન, ઋતુ પાંચા બેલ્ટ રેસલીંગ, પ્રિયા પ્રજાપતિ તરણ અને પુજા પટેલ યોગાસનમાં નામના મેળવનારનું સન્માન કરાયું હતું પુજા પટેલે યોગનિર્દશન કરી જનમેદનીને મંત્ર મુગ્ધ કરી હતી. જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં જિલ્લા કલેકટર આલોક કુમાર, સ્થાનિક અગ્રણીઓ, પદાધિકારીઓ, ગ્રામજનો, સ્વામી વિવેકાનંદ યુવક મંડળના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહી ખેલાડીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતા તેમ જિલ્લા રમત ગમત અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# મેઘરજના વાંક ગામની નવ વર્ષીય કિશોરીનું તાવ અને લોહીની ઉલ્ટીઓ થતા સારવાર પહેલા જ મોત

મેઘરજ, તા. ૧૪

મેઘરજ તાલુકાના નવી વાંક ગામની નવ વર્ષીય કિસોરીને અચાનક તાવ આવી લોહીની ઉલટીઓ થતાં સારવાર પહેલા મોત નિપજ્યું હતું. નવી વાંક ગામની નવ વર્ષીય કિશોરી ફણેસા નયના સોમાભાઈ ધો. ૪માં વાંક પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી હતી. પરંતુ બુધવારના રોજ બપોરે નયનાને અચાનક તાવ આવ્યો હતો અને ગુરૂવાર વહેલી સવારે નયનાને અચાનક લોહીની ઉલ્ટીઓ અને લોહીના ઝાડા થઈ જતા તેના પરીવારજનો મેઘરજ સરકારી દવાખાને લાવ્યા હતા. પરંતુ નયનાને વધુ સારવારની જરૂર હોય જેથી ડૉકટરે જરૂરી ટ્રીટમેન્ટ કરી બાળકોના સ્પેશ્યાલીસ્ટને બતાવવાની સલાહ આપી હતી. જેથી નયનાને ઘરે લઈ ગયા હતા અને પૈસાની સગવડ કરી બપોરે ૧૦૮ને ફોન કરી નયનાને મેઘરજની એક ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. પરંતુ નયનાની તબીયત વધુ લથડતા ખાનગી હોસ્પિટલના તબીબે મોડાસા લઈ જવાની સલાહ આપતા ૧૦૮ દ્વારા નયનાને મોડાસા સાર્વજનિક હોસ્પિટલ લઈ જતાં વચ્ચે સાયરા પાસે લોહીની ઉલ્ટી તેમજ ઝાડા વાટે લોહી ચાલુ થઈ જતા આખરે નયના મોડાસા હોસ્પિટલ પહોંચે તે પહેલા પરીવારજનોને છોડીને આ દુનિયાથી વીખુટી પડી ગઈ હતી.

## થળી ખાતે અર્ચન-દર્શન કાર્યક્રમ યોજાયો

કાંકરેજ, તા. ૧૩

કાંકરેજ તાલુકાની વિખ્યાત અને પ્રાચીન જગ્યા થળી મઠ ખાતે પરમ પૂજ્ય મહંતશ્રી ૧૦૦૮ સ્વામીજી જગદીશપુરી બાપાના સાંનિધ્યમાં ભવ્ય પૂજન અર્ચન અને દર્શન તેમજ મનોકામના તૃપ્તીનો પાવન પ્રસંગ યોજાઈ ગયો. ચૌધરી નરસિંહભાઈ માનાભાઈ પરિવાર તથા સમસ્ત બોરતવાડા અને ચોવીસી ચૌધરી સમાજની ઉપસ્થિતિમાં આ પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય મહંતશ્રી જગદીશપુરી બાપુએ ઉપસ્થિત સર્વને શિક્ષણ, સ્વચ્છતા અને સુખાકારી બાબતે શિખામણ આપી આશીષ વચન આપ્યા હતા. આ પ્રસંગે રાજ્ય કેબીનેટ મંત્રી દીલીપભાઈ ઠાકોર, ચૌધરી સમાજના પ્રમુખ ભાલેન્દ્રભાઈ ચૌધરી, બનાસબેંકના ડીરેકટર અને થરા એ.પી.એમ.સી.ના પ્રમુખ અણદાભાઈ પટેલ, બનાસકાંઠા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, મફાજી સોલંકી, અમૃતભાઈ આલ, સુખદેવસિંહ સોઢા, હંસપુરી ગૌસ્વામી, કિશોરભાઈ પ્રજાપતિ, કરસનભાઈ જોષી (શિરવાડા), જયંતીજી ઠાકોર (આબલુન) કુરાભાઈ ચૌધરી, અણદુભા ડાભી, લક્ષ્મણભાઈ ચૌધરી, માનસિંહભાઈ ચૌધરી (જામપુર) તથા કલ્યાણ મહારાજ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ભાવિક ભક્તો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ડીસા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં નવરાત્રીની આઠમે અંબાજી માતાના મંદિર પરિસરમાં આખી રાત ખેલૈયાઓએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. આ વિસ્તારના રહીશો દ્વારા ખેલૈયાઓ માટે લ્હાણી અને નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિસ્તારના રહીશોએ ઘરેથી આરતી તૈયાર કરીને આવ્યા હતા. મધરાતે માતાજીની મહાઆરતીમાં આ વિસ્તારમાં તમામ રહીશો જોડાયા હતા. નોરતાના છેલ્લા દિવસે રાતભર ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી.

# મહેસાણા જિલ્લો ગ્રામીણ ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત

મહેસાણા, તા. ૧૪

મહેસાણા જિલ્લામાં બેઝલાઈન સર્વે ૨૦૧૨ મુજબ ૧૩૮૦૧૩ શૌચાલયો બનાવવાના થતાં હતા. જેની સામે ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ૧૪૩૨૯ શૌચાલયો બનાવવામાં આવેલ છે. એટલે કે બેઝલાઈન સર્વે કરતા ૮૩૧૬ શૌચાલયો વધારે બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત ચાલુ વર્ષે ૬૭૬૫૦ જેટલા શૌચાલયો સ્વચ્છ ભારત મિશન હેઠળ બનાવવામાં આવેલ છે.

જિલ્લામાં તમામ તાલુકાના તમામ ગામોમાં બેઝલાઈન સર્વે ઉપરાંત પણ શૌચાલય વિહોણા તમામ પરિવારોને ત્યાં શૌચાલયની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. ગ્રામિણ ક્ષેત્રના પ્રત્યેક કુટુંબને શૌચાલયની સુવિધાથી આવરી લેવાના શુભ હેતુસર દબાણ, બીનપરવાનગી અને ગૌચરક્ષેત્રમાં વસવાટ કરતાં ૯૨૪૦ કુટુંબોને પણ મનરેગા યોજનામાં શૌચાલયની સુવિધા માટે આવરી લેવામાં આવેલ છે. મહેસાણા જિલ્લામાં ગ્રામિણ વિસ્તારમાં એક પણ કુટુંબ શૌચાલયની સુવિધાથી વંચિત ન રહે તે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

વિશેષમાં વહીવટીતંત્ર દ્વારા ગામમાં એક પણ ઘર, રહેણાંક શૌચાલય વિહોણું ન રહે તે માટે વાંધા સુચનો હોય તો તાલુકા પંચાયત કચેરીએ અથવા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરીએ રજુ કરી શકે તે માટે જાહેરાત પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત જુદા જુદા તબક્કે જરૂરી ચકાસણીની પ્રક્રિયા પણ કરવામાં આવેલ છે. આ રીતે શૌચાલય વિહોણા તમામ રહેણાંકોને એક અથવા બીજી રીતે શૌચાલયોની સુવિધા પુરી પાડવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકની અખબારી યાદીમાં જણાવાયું છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# મોડાસામાં દારૂ પીધેલી હાલતમાં પોલીસ કોન્સ્ટેબલ

## પીધેલી પોલીસને જોવા લોકો ઉમટ્યા : ગુજરાતમાં માત્ર નામની જ દારૂબંધી

મોડાસા, તા. ૧૪

ગુજરાતમાં દારૂબંધી છે અને એનો ચુસ્ત પણે કરાવવાની જવાબદારી આવા પોલીસ કર્મીઓના શીરે હોઈ છે. પરંતુ તેઓ દારૂ બંધીનો અમલ કરાવવા




અમલ થાય એ માટે પોલીસ વિભાગને તમામ સત્તાઓ આપવામાં આવી છે. પરંતુ આ સત્તાના મદમાં છકી ગયેલા પોલીસકર્મીઓ જાતે જ આ નિયમોનો ભંગ કરવા માંડ્યા છે.

મધમાખી ચાલે ડોલતો ડોલતો આવી રહેલો આ પોલીસ કર્મી દારૂ પીને ટન્ન થઈ ગયો છે. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક એવા મોડાસાના બજારમાં આ પોલીસ કર્મીને લથ્થડીયા ખાતો જોઈને લોકો પણ અચંબામાં પડી ગયા હતા. દારૂબંધીનો ચુસ્ત અમલ જાય છે ખરા પરંતુ તેઓ ત્યાં જ પીને પાછા આવી જાય છે. જેનો જીવંત દાખલો આજે તમે મોડાસામાં જોઈ રહ્યા છો. ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં આ પોલીસકર્મી ભરબજારમાં ડોલતો ડોલતો પસાર થઈ રહ્યો છે. ત્યારે દારૂબંધીના ધજાગરા પોલીસ જ ઉડાવી રહ્યા હોવાનો મામલો આજે મોડાસામાં ચર્ચાસ્પદ બન્યો છે. ત્યારે આવા પોલીસ કર્મી સામે પોલીસ પગલાં ભરશે કે પછી અપને વાળી ચલાવશે તે તો સમય જ બતાવશે.